**વડીલોને વંદન**
**અભિનંદન**



ડાહ્યાભાઈ એસ. મકવાણા
(૧૯૪૬)મો.૯૯૯૮૮૧૦૬૮૯




વિજયચંદ્ર હરિશચંદ્ર ભટ્ટ
(૧૯૫૫) ફોન : ૨૩૨૧૩૩૫૦


# વિધાનસભા ગૃહમાં નરેન્દ્રભાઈ મોદી પર અભિનંદન-શુભેચ્છાની વર્ષા

## ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત અને ભારતભરમાં પણ પ્રથમ વખત ગૃહના નેતાને પ્રધાનમંત્રી પદે પહોંચતા અપાયેલી વિધાનસભા ગૃહમાં અવિસ્મરણીય વિદાય

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતના મુખ્યમંત્રી પદેથી વિદાય લઈને ભારતના પ્રધાનમંત્રી બનવા જઈ રહેલા પદનામિત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન અને વિદાય આપવા માટે ખાસ યોજાયેલા ૧૩મી વિધાનસભાના વિશેષ સત્રમાં સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા ટોચના રાજકીય આગેવાનો, સાહિત્યકારો, કવિઓ, કલાકારો, ઉદ્યોગપતિઓ, રમતવીરો અને અગ્રણી નાગરિકો ખૂબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિધાનસભા ગૃહની તમામ દીઘાઓ સમગ્ર સમાજનું પ્રતિનિધિત્વ કરતા પ્રબુધ્ધ નાગરિકોથી ખિચોખિચ ભરાયેલી હતી. સમગ્ર વિશ્વ, ભારત અને સમગ્ર ગુજરાતનું ધ્યાન અત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી પર કેન્દ્રીત છે ત્યારે વિધાનસભા ગૃહમાં પ્રતિપક્ષ સહિત તમામ સભ્યોએ શ્રી નરેન્દ્રભાઈ મોદીને શુભકામનાઓ પાઠવતા વક્તવ્યો કર્યા હતા.







**● શ્રી વજુભાઈ વાળા, વિધાનસભા અધ્યક્ષ**

વિધાનસભા અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા જઈ રહેલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને વિદાય આપવા ભાતૃભાવભર્યા વાતાવરણમાં વિધાનસભાની આ વિશેષ બેઠક બોલાવવા વિપક્ષના સભ્યો સહિત સહુએ સહર્ષ સંમતિ આપી તે આનંદની વાત છે. તેમણે જણાવ્યું હતું કે, વિદાય હંમેશા વસમી હોય છે, પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિદાય આનંદદાયક છે. તેમણે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ માટે 'ગુજરાત મોડેલ' આપ્યું છે. વિકાસ માટે આખા હિન્દુસ્તાનને 'ગુજરાત મોડેલ' સમર્પિત કરવા અનુરોધ કર્યો હતો. વિકાસ માટે માત્ર ભૌતિક સુખો નહીં ગુજરાતની સંસ્કારિતા પણ આખા દેશમાં પ્રસરાવવા માટે તેમણે અનુરોધ કર્યો હતો. એક આંખે દરિન્દ્રનારાયણ-ગરીબોની સેવા અને બીજી આંખે દુષ્કૃત્યો કરનારા તત્વોનો સંહાર કરવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

ભારતમાં વ્યાપાર-ઉદ્યોગ અને અર્થતંત્રના વિકાસ માટે વણિક જેવી બુદ્ધિ, સંસ્કાર અને સંસ્કૃતિના વિકાસ માટે બ્રહ્મતત્વ અને દુષણોનો નાશ કરવા-દુષ્કૃત્યો ઘટાડવા ક્ષત્રિયતાથી કામ લેવા તેમણે શ્રી નરેન્દ્રભાઈ મોદીને અનુરોધ કર્યો હતો. તેમણે ગુજરાત વિધાનસભા ગૃહના માધ્યમથી તમામ ગુજરાતીઓ વતી શ્રી નરેન્દ્રભાઈ મોદીને શુભકામનાઓ પાઠવી હતી.

**● આનંદીબેન પટેલ, મહેસુલ અને માર્ગ મકાન મંત્રીશ્રી**

શ્રીમતી આનંદીબેન પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, ભારતની રાજનૈતિક સંસ્કૃતિના ઈતિહાસમાં નેતૃત્વ, સુશાસન અને વિકાસનો અદ્વિતિય સમન્વય ગુજરાતમાં થયો છે અને સમન્વયની આ જ્યોત હવે રાષ્ટ્રને પણ દીપાવશે.

શ્રી નરેન્દ્રભાઈની નિર્ણયશક્તિ અને સંઘભાવનાનો વિશેષ ઉલ્લેખ કરી શ્રીમતી આનંદીબહેને જણાવ્યું કે, શ્રી નરેન્દ્રભાઈનું નેતૃત્વ સમગ્ર ભારતને નવી દિશામાં લઈ જશે. પાણી, વીજળી, શિક્ષણ અને આરોગ્ય જેવા પાયારૂપી ક્ષેત્રોમાં થયેલી વિશિષ્ટ કામગીરીને લીધે ગુજરાતના લોકોનું જીવનધોરણ સુધર્યુ છે. તેને લીધે ગુજરાતની પ્રજાએ શ્રી નરેન્દ્રભાઈમાં અતૂટ વિશ્વાસ મૂક્યો છે અને રાષ્ટ્રીય સ્તર પર નવી ચેતનાનો સંચાર થયો છે. શ્રી નરેન્દ્રભાઈ મુખ્ય મંત્રીની જેમજ પ્રધાનમંત્રીશ્રી તરીકે પણ યશસ્વી બને તથા ગુજરાતની સેવા કરી છે તેવી જ રીતે ૧૨૫ કરોડ દેશવાસીઓની સેવા પણ કરશે તેવી શ્રદ્ધા શ્રીમતી આનંદીબહેને વ્યક્ત કરી હતી.

**● શ્રી નીતિનભાઈ પટેલ, નાણા અને આરોગ્ય મંત્રી**

નાણાં મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આ દિવસને એક ઐતિહાસિક દિવસ તરીકે તથા વિધાનસભાની આ બેઠકને ઐતિહાસિક બેઠક તરીકે ઓળખાવી હતી. શ્રી પટેલે જણાવ્યું કે, ઉત્તર ગુજરાતના ગરીબ પરિવારમાં જન્મ લઈને દાયકાઓ સુધી અવિરત પુરૂષાર્થ અને પરિશ્રમ કરનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમસ્ત ભારતનો પ્રવાસ કર્યો છે તથા દેશ અને દેશવાસીઓને ખૂબ નજીકથી જોયા જાણ્યા છે. દેશમાં આવા વિરલ નેતા ભાગ્યે જ જોવા મળે છે.

ગુજરાતની વિકાસ યાત્રાના વિવિધ આયામો અને તેની સફળતાનું વર્ણન કરી નાણાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારી રૂઢિગત માળખામાંથી તંત્રને બહાર કાઢ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વએ જે રીતે ગુજરાતને ગૌરવશાળી અને પ્રગતિશીલ બનાવ્યું છે તે રીતે દેશને પણ ગૌરવશાળી અને પ્રગતિશીલ બનાવશે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

**● શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, શિક્ષણ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી**

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપ સંસદીય પક્ષના નેતા તથા એનડીએના નેતા તરીકે થયેલી વરણી બદલ અભિનંદન આપ્યા હતા. આવી વરણી થયા બાદના શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રતિભાવમાં એક વિરાટ અને સંવેદનશીલ પુરુષના દર્શન થયા હોવાનું જણાવીને શ્રી ચૂડાસમાએ કહ્યુ હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ અભિવ્યક્તિએ ટીકાકારોને પણ પોતાના બનાવ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના પરિશ્રમની પરાકાષ્ટા, લક્ષ પરત્વેની પ્રતિબદ્ધતા, વિકાસ પુરુષ તરીકેનું બિરુદ, સ્પષ્ટતા, કામમાં ચીવટ, ટેકનોસેવી તથા અવિરત સક્રિયતા જેવી ગુણોની સરાહના શ્રી ચુડાસમાએ કરી હતી.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે તથા ગુજરાતી તરીકે સૌને માન અપાવ્યું છે. તેને એક વિરલ બાબત ગણાવી શ્રી ચૂડાસમાએ મુખ્યમંત્રીશ્રીના વિદાયમાનના આ અવસરને પણ વિધાનસભા ગૃહ માટે અને જાહેરજીવનમાં રહેલા લોકો માટે યાદગાર ગણાવ્યો હતો.

**● બળવંતસિંહ રાજપૂત, વિધાનસભાના કોંગ્રેસ પક્ષના દંડક**

શ્રી બળવંતસિંહ રાજપૂતે આ અવસરને રાજનીતિથી પર ગણાવ્યો હતો. ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના વડાપ્રધાન થવા જઈ રહ્યા છે ત્યારે કોંગ્રેસ પક્ષના દંડક તરીકે અને કોંગ્રેસના તમામ સભ્યો વતી શ્રી બળવંતસિંહે આનંદની લાગણી અભિવ્યક્ત કરી હતી. ઉત્તર ગુજરાતની પાણીની સમસ્યા તથા ગુજરાતના અન્ય પ્રાણ પ્રશ્નોના નિવારણ માટેની અપેક્ષા વ્યક્ત કરી હતી.

**● શ્રી અમીતભાઈ શાહ, ધારાસભ્ય**

વિધાનસભા ગૃહના વરિષ્ઠ સભ્ય શ્રી અમીતભાઈ શાહે આજના દિવસને ઐતિહાસિક દિવસ ગણાવ્યો હતો. દેશમાં લોકતંત્રના સૌથી મોટા ઉત્સવ-ચૂંટણીમાં એક ગુજરાતી જનમત પ્રાપ્ત કરીને વડાપ્રધાન તરીકે ભારતનું નેતૃત્વ કરે એ આનંદની વાત છે. કાશ્મિરથી લઈને કન્યાકુમારી સુધી અને આસામથી લઈને દ્વારકા સુધી સમગ્ર દેશે ગુજરાતના પનોતા પૂત્રને વધાવી લીધો છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમા કલ્યાણ રાજની સ્થાપનાના સમર્થનમાં સમગ્ર ભારતની જનતાએ જનાદેશ આપ્યો છે. મુખ્યમંત્રીશ્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યાં જરૂરી હતું તેવા છેવાડાના વિસ્તારો અને વ્યક્તિઓનો વિકાસ કર્યો છે, એમ કહીને તેમણે ગુજરાતમાં સફળતાપૂર્વક અમલી થયેલી યોજનાઓની વિગતો આપી હતી. ૧૨-૧૩ વર્ષના શાસનમાં ગુજરાતમાં એક પણ દિવસ કરફ્યુ લાદવો પડ્યો નથી એમ કહીને તેમણે ગુજરાતની શાંતિ અને સલામતી પ્રત્યે વિશેષ ધ્યાન દોર્યુ હતું. ભારતનું એક પણ રાજ્ય એવું નથી, જ્યાંથી લોકો ધંધા-રોજગાર માટે ગુજરાત આવીને રહ્યા ન હોય. આવી વ્યક્તિઓએ ગુજરાતના રાજદૂત તરીકે પોતાના રાજ્યમાં ગુજરાતની સુવાસ ફેલાવી છે.

**● શ્રી મોહનસિંહ રાઠવા, ધારાસભ્ય**

ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, મોરારજીભાઈ દેસાઈ અને ગુલઝારીલાલ નંદાની જેમ મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ભારતના રાજકારણમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. શ્રી નરેન્દ્રભાઈ મોદી સામે મોંઘવારી, કાળુ નાણું જેવા અનેક પ્રશ્નો અને સમસ્યાઓ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પ્રશ્નો હલ કરવાની ભગવાન શક્તિ આપે એ માટે તેમણે પ્રાર્થના કરી હતી.

**● શ્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય**

શ્રી રાઘવજીભાઈ પટેલે વડાપ્રધાન તરીકેનું શ્રી નરેન્દ્રભાઈ મોદીનું શાસન ભારતના ઈતિહાસમાં સુવર્ણઅક્ષરે લખાશે એવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી. ગુજરાતની ગરવી ધરાએ રાષ્ટ્રને અનેક મહાપુરુષોની ભેટ આપી છે તેમ જણાવી શ્રી રાઘવજીભાઈએ મહાત્મા ગાંધી, સરદાર પટેલ, શ્રી મોરારજી દેસાઈનું સ્મરણ કર્યું હતું. મોંઘવારી, આતંકવાદ, બેરોજગારી જેવી રાષ્ટ્રને મુંઝવતી સમસ્યાઓ શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં દૂર થશે તેમ જણાવી તેમણે વડાપ્રધાન તરીકે જઈ રહેલા શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે ગૌરવની લાગણી અભિવ્યક્ત કરી હતી.

**● શ્રી શૈલેષભાઈ પરમાર, ધારાસભ્ય**

ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ પરમારે ગુજરાતના રાજકારણમાં એક ઉદાહરણરૂપ ઘટના તરીકે આ અવસરને લેખાવ્યો હતો. ભારતના ૩૦ રાજ્યો, ૧૪ ભાષાઓ અને ૧૬૫૨ પ્રાદેશિક ભાષાઓના વૈવિધ્ય વચ્ચે એક ગુજરાતી દેશના વડાપ્રધાન પદે પહોંચે તેનું વિશેષ ગૌરવ અને આનંદ તેમણે વ્યક્ત કર્યો હતો. પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની પૂણ્યતિથિનો પણ આ દિવસ હોઈ ૧૮ વર્ષે યુવાનોને મતાધિકાર આપવાના શ્રી રાજીવ ગાંધીના ક્રાંતિકારી પગલાનું શ્રી શૈલેષભાઈએ સ્મરણ કર્યુ હતુ. દેશવાસીઓએ મુકેલા વિશ્વાસને સાર્થક કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદી મજબૂત ભારતનું નિર્માણ કરશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

**● શ્રી જયંતભાઈ પટેલ 'બોસ્કી', ધારાસભ્ય**

એનસીપીના ધારાસભ્ય શ્રી જયંતભાઈ પટેલે શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રભાવશાળી અને ઉર્જાવાન નેતા કહીને 'સેલ્યુટ' કરી હતી, તેમણે એમ પણ કહ્યું હતું કે, તેમણે પોતાની રાજકીય કારકિર્દીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા સામર્થ્યવાન રાજકીય નેતા જોયા નથી. તેમણે પક્ષના નેતા શ્રી પ્રફુલભાઈ પટેલ વતી અને અંગત રીતે પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સફળતા માટે પ્રભુને પ્રાર્થના કરીને એક ગુજરાતી તરીકે ગૌરવની લાગણીની અભિવ્યક્તિ કરીહતી.

વિશેષ સત્ર માટે વિધાનસભા ગૃહને આજે ફુલોથી સજાવવામાં આવ્યું હતું. વિશેષ સત્ર પહેલાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિધાનસભા ગૃહમાં પ્રવેશ કર્યો ત્યારે વેલમાં જ વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ પુષ્પગુચ્છ અર્પણ કરીને હસ્તધૂનન કરીને અને ઉષ્માપૂર્વક ભેટીને શ્રી નરેન્દ્રભાઈ મોદીનું અભિવાદન કર્યું હતું. તેમણે ખેસ પણ પહેરાવ્યો હતો. વંદેમાતરમ્‌ના ધ્વનિ સાથે આરંભ થયેલું આજનું આ સત્ર વંદેમાતરમ્‌ના ધ્વનિ સાથે જ સંપન્ન થયું હતું. સત્ર સમાપ્તિ પછી વિપક્ષ અને શાસક પક્ષના તમામ સભ્યોએ વ્યક્તિગત મળીને શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા હતા.

## પીએમઓમાં ગુજરાતી બોલાશે, ઢોકળા ખમણ પણ ખવાશે : મોદી

અમદાવાદ, તા.૨૧

નરેન્દ્ર મોદીએ વિદાય આપવા આજે મળેલી વિધાસભાના ખાસ સત્રમાં ક્યાંક લાગણીસભર તો ક્યાંક હસી મથકથી ભરપુર દ્રશ્યો પણ સર્જાયા હતા. વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જ્યારે નરેન્દ્ર મોદીને એવી અપીલ કરી કે હવે ગુજરાતઓ માટે વડાપ્રધાન કાર્યાલયમાં અલાયદુ કાઉન્ટર રાખશે ત્યારે તેના વળતા જવાબમાં મોદીએ પોતાના દિલ ઉપર હાથ મુકતા કહ્યું કે ભગવાને આ દિલમાં જ કાઉન્ટર આપ્યું છે માટે મારા ગુજરાત માટે અલગ કાઉન્ટરની જરૂર જ ક્યાં છે?

ગુજરાત માટે તો હવે મોસાળમાં જમવાનું અને મા પીરસનાર હોય તેવા દિવસો આવ્યા છે. ધારાસભ્યોના ખડખડાટ હાસ્ય વચ્ચે નરેન્દ્ર મોદીએ હસી ખુશીનો માહોલ આગળ ધપાવતા કહ્યું કે હવે તો પીએમઓમાં પણ ગુજરાતી બોલશે અને ઢોકળા ખમણ પણ મળશે. જનરલ કરિપ્પા જ્યારે સેનાના વડા બન્યા અને તેમના ગામમાં તેમનું સન્માન થયું તે યાદગાર ઘટનાને ટોકતા તેમણે કહ્યું કે આખા દેશમાં ભલે આપણું સન્માન થાય પરંતુ આપણા ઘર આંગણે આપણું સન્માન થાય તેનો આનંદ કઈ જુદો જ હોય છે. હું વડાપ્રધાન તરીકે ગુજરાતની વધુ તરફેણ નહીં કરૂં પણ ગુજરાતને અન્યાય તો નહીં જ થવા દઉં. નરેન્દ્ર મોદીએ આજે ગૃહમાં તેમણે વિદાય સમારંભ પુરો થયા બાદ રાજભવન ખાતે જઈને રાજ્યપાલને મુખ્યમંત્રી પદેથી તેમનું રાજીનામું સુપરત કર્યું હતું. અને ત્યારબાદ સાંજે વિધાનસભાના અધ્યક્ષને ધારાસભ્ય તરીકે રાજીનામું આપ્યું હતું.

## ગુજરાતના મુખ્યમંત્રીઓ અને તેમનો કાર્યકાળ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રીઓ અને તેમના કાર્યકાળની વિગતો આ પ્રમાણે છે

| મુખ્યમંત્રીનું નામ | કાર્યકાળ |
|---|---|
| જીવરાજ મહેતા | ૧ મે-૧૯૬૦ થી ૧૯ સપ્ટેમ્બર-૧૯૬૩ (૧૨૩૮ દિવસ) |
| બળવંત મહેતા | ૧૯ સપ્ટેમ્બર-૧૯૬૩ થી ૨૦ સપ્ટેમ્બર-૧૯૬૫ સુધી (૭૩૩ દિવસ) |
| હિતેન્દ્ર દેસાઈ | ૨૦ સપ્ટેમ્બર-૧૯૬૫ થી ૧૨ મે ૧૯૭૧ સુધી (૨૦૬૨ દિવસ) |
| રાષ્ટ્રપતિશાસન | ૧૨ મે ૧૯૭૧ થી ૧૭ માર્ચ ૧૯૭૨ |
| ઘનશ્યામભાઈ ઓઝા | ૧૭ માર્ચ-૧૯૭૨ થી ૧૭ જુલાઈ-૧૯૭૩ (૪૮૮ દિવસ) |
| ચિમનભાઈ પટેલ | ૧૮ જૂન-૧૯૭૩ થી ૯ ફેબ્રુઆરી-૧૯૭૪ (૨૦૭ દિવસ) |
| રાષ્ટ્રપતિ શાસન | ૯ ફેબ્રુઆરી-૧૯૭૪ થી ૧૮ જૂન-૧૯૭૫ |
| બાબુભાઈ પટેલ | ૧૮ જુન-૧૯૭૫ થી ૧૨ માર્ચ-૧૯૭૬ (૨૧૧ દિવસ) |
| રાષ્ટ્રપતિ શાસન | ૧૨ માર્ચ-૧૯૭૬ થી ૨૪ ડિસેમ્બર-૧૯૭૬ |
| માધવસિંહ સોલંકી | ૨૪ ડિસેમ્બર-૧૯૭૬ થી ૧૦ એપ્રિલ-૧૯૭૭ (૧૦૮ દિવસ) |
| બાબુભાઈ પટેલ | ૧૭ એપ્રિલ-૧૯૭૭ થી ૧૭ ફેબ્રુઆરી-૧૯૮૦ (૧૦૪૨ દિવસ) |
| રાષ્ટ્રપતિ શાસન | ૧૭ ફેબ્રુઆરી-૧૯૮૦ થી ૭ જૂન-૧૯૮૦ |
| માધવસિંહ સોલંકી | ૭ જુન-૧૯૮૦ થી ૬ જુલાઈ-૧૯૮૫ સુધી (૧૮૫૬ દિવસ) |
| અમરસિંહ ચૌધરી | ૬ જુલાઈ-૧૯૮૫ થી ૯ ડિસેમ્બર-૧૯૮૯ (૧૬૧૮ દિવસ) |
| માધવસિંહ સોલંકી | ૧૦ ડિસેમ્બર-૧૯૮૯ થી ૪ માર્ચ ૧૯૯૦ (૮૫ દિવસ) |
| ચિમનભાઈ પટેલ | ૪ માર્ચ-૧૯૯૦ થી ૧૭ ફેબ્રુઆરી-૧૯૯૪ (૧૨૧૫ દિવસ) |
| છબીલભાઈ મહેતા | ૧૭ ફેબ્રુઆરી-૧૯૯૪ થી ૧૪ માર્ચ-૧૯૯૫ (૩૮૧ દિવસ) |
| કેશુભાઈ પટેલ | ૧૪ માર્ચ-૧૯૯૫ થી ૨૧ ઓક્ટોબર-૧૯૯૫ (૨૨૧ દિવસ) |
| સુરેશ મહેતા | ૨૧ ઓક્ટોબર-૧૯૯૫ થી ૧૯ સપ્ટેમ્બર-૧૯૯૬ (૩૩૪ દિવસ) |
| રાષ્ટ્રપતિ શાસન | ૧૯ સપ્ટેમ્બર-૧૯૯૬ થી ૨૩ ઓક્ટોબર-૧૯૯૬ |
| શંકરસિંહ વાઘેલા | ૨૩ ઓક્ટોબર-૧૯૯૬ થી ૨૭ ઓક્ટોબર-૧૯૯૭ (૩૭૦ દિવસ) |
| દિલીપ પરીખ | ૨૮ ઓક્ટોબર-૧૯૯૭ થી ૪ માર્ચ-૧૯૯૮ (૧૨૮ દિવસ) |
| કેશુભાઈ પટેલ | ૪ માર્ચ-૧૯૯૮ થી ૬ ઓક્ટોબર-૨૦૦૧ (૧૩૧૨ દિવસ) |
| નરેન્દ્ર મોદી | ૭ ઓક્ટોબર-૨૦૦૧ થી ૨૧ મે-૨૦૧૪ સુધી ૪૬૦૪ દિવસ) |

**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગર**
**ટુંકી મુદતની જાહેર નિવિદા**

અત્રેની કચેરીના બગીચાની નિભાવણી તેમજ જાળવણીની કામગીરી વાર્ષિક કરારના ધોરણે આપવાની હોઈ રસ ધરાવતી સંબંધિત સંસ્થાઓએ અત્રેની કચેરીના બગીચાની રૂબરૂ મુલાકત લઈ 'અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગર'ને આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં તમામ વેરા સહિતના ભાવપત્રક મોકલી આપવાના રહેશે.

તારીખ : સહી/-
સ્થળ : ગાંધીનગર
સંયુક્ત નિયામકશ્રી (PLM-5)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર
ગાંધીનગર
માહિતી/૧૨૦/૧૪-૧૫

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
**સુધારો**

તા. ૨૧/૫/૨૦૧૪ના રોજ પ્રસિદ્ધ થયેલ ટુંકી નિવિદામાં છપાયેલ સરનામામાં ભુલ હોવાથી - સન કંટ્રોલ ફિલ્મ લગાવવા અંગેની આયોગની જાહેરાત સંબંધે નીચેના સરનામે સંબંધિતે રજી.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીને તા.૩૧/૫/૨૦૧૪ના સાંજના ૫.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે. બાકીની અન્ય શરતો અગાઉની જાહેરાત મુજબ યથાવત રહેશે.

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
૬ઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ-૫સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨૩૫૫, ગુજરાત
વધુ વિગતો માટે www.gercin.org પર લોગ ઓન કરો.
સહી/-
માહિતી/૧૩૨/૧૪-૧૫ નાયબ નિયામક (વહીવટ/હિસાબ)

**સુધારા - જાહેર ખબર**
**ખાનગી બિન - અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં વિનામુલ્યે પ્રવેશ**

ગાંધીનગર સમાચારમાં તા. ૨૦/૫/૨૦૧૪ના રોજ પ્રસિદ્ધ થયેલા જાહેરાતમાં બાળકોની સંખ્યા ૨૦૦ (બસો)ની જગ્યાએ ૫૦૦ (પાંચસો) સુધારીને વાંચવું

સ્થળ : ગાંધીનગર — જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
તારીખ : ૨૧/૫/૨૦૧૪ — જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
માહિતી/૧૨૯/૧૪-૧૫ — ગાંધીનગર

**ટ્યૂકડી જાહેર ખબર**

**જાહેરાત**
કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ (કોબા) ખાતે
**છાત્રાલાય માટે રસોઈયા ગૃહમાતા જોઈએ છે**
પ્રતિનિધિ
ફોન : ૨૩૨૭૬૨૦૧
મો. ૯૮૯૮૭૨૨૪૦૭

**મકાન ભાડે આપવાનું છે**
સેક્ટર-૭/એમાં ૨૫૦ ચો.મી. પ્લોટના મકાનનો ફસ્ટ ફલોર, સે.૭ના શોપીંગ સેન્ટરથી નજીક ભાડે આપવાનું છે. (પ્લોટ નં. ૨૬૯/૧,
સંપર્ક : એસ. જે. પટેલ
મો. : ૯૯૭૮૪ ૫૫૧૯૦

**આચાર્ય જોઈએ છે**
પ્રાથમિક વિભાગ માટે
B.Sc. B.Ed. (રીટાયર્ડ શિક્ષક)
મલો : તા. ૨૩/૫/૨૦૧૪
સવારે ૮ થી ૧૨
જયપ્રકાશ વિદ્યાલય
સેક્ટર-૨૬, ગાંધીનગર
મો. : ૯૪૨૬૦ ૪૮૪૫૮

**ટ્યુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**આત્મા ડાયરેક્ટરેટ એન્ડ સમેતિ**
પી-૭, 'એમ' ફ્લોર, કૃષિ ભવન, સેક્ટર-૧૦-એ,
ગાંધીનગર. ફોન : ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩

આત્મા ડાયરેક્ટોરેટ એન્ડ સમેતિ, ગાંધીનગર ખાતે સવાર-સાંજનું ભોજન, રહેવાના તથા ચા-નાસ્તાના ભાવ પુરા પાડવા સબબ ભાવો મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ રૂબરૂમાં આ કચેરીમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૧૦/૬/૨૦૧૪ સુધીમાં મેળવી તા. ૧૧/૬/૨૦૧૪ના ૧૭.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાનાં રહેશે.

નિયામક, સમેતિ, ગાંધીનગર

**આત્મા ડાયરેક્ટોરેટ એન્ડ સમેતિ**
પી-૭, પોડિયમ લેવલ, કૃષિ ભવન, સેક્ટર-૧૦-એ,
ગાંધીનગર. ફોન : ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩

આ કચેરીનાં ઉપયોગ માટે બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ ૨૦૧૨-૧૩ના મોમેન્ટો તૈયાર કરવાના છે. આ કામગીરીનો ત્રણ વર્ષ કે વધુ અનુભવ ધરાવતી પાર્ટીઓએ રૂબરૂ આ કચેરીમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૧૧/૬/૨૦૧૪ સુધીમાં મેળવા તા. ૧૨/૬/૨૦૧૪ના ૧૭:૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

માહિતી/૧૨૪/૧૪-૧૫ — નિયામક, સમેતિ

**ગાંધીનગર માટે**
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
Dr. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ